www.kamalamgujarat.com
ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...
Friday
30.07.2021
✻Volume :5 ✻ Issue No. 349
Email.: kamalamgujarat@gmail.com
✻Editor :Mahesh N. Patel:- (98249 10606)



કમલમ્
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
GUJGUJ/2016/73451
✻ Managing Editor: Arjun Sondarva ✻ Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✻ Page :06✻ Rs. 00.25/- ✻ Annual Rs. 90/-

# સ્વતંત્રતાના ૭૫ વર્ષની ઉજવણી પ્રસંગે ભારત જોડો આંદોલન દ્વારા ચાલો આપણે દેશની એકતા માટે કાર્ય કરીએ: પ્રધાનમંત્રી

### પ્રધાનમંત્રીએ કોવિડ-૧૯ અંગે ધાર્મિક અને સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ સાથે વાતચીત કરી

કમલમદૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે સવારે વીડિયો કોન્ફરન્સિંગ મારફતે વિવિધ ધર્મના પ્રતિનિધિઓ તથા સામાજિક સંગઠનો સાથે કોવિડ૧૯ની પ્રવર્તમાન પરિસ્થિતિ અંગે ચર્ચા કરી હતી. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે દેશના લાભાર્થે સમાજ અને સરકાર એકત્રિત થઈને કામગીરી બજાવી રહી છે તેનું આ ચર્ચા વધુ એક શ્રેષ્ઠ ઉદાહરણ છે. કોરોનાને કારણે આવી પડેલા પડકારનો સામનો કરવા માટે આ સંગઠનોએ જે કામગીરી બજાવી છે તેની પ્રધાનમંત્રીએ પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે પ્રજાને જે મદદ પૂરી પાડવામાં આવી છે તે ધર્મે કે જાતિને ધ્યાનમાં લીધા વિના કરાઈ છે અને તે એક ભારત એકનિષ્ઠા



**પ્રધાનમંત્રીએ વેક્સિનેશન અંગે જાગૃતિ ફેલાવવા તથા વેક્સિન સામેના ખચકાટને દૂર કરવા સરકાર સાથે મળીને કાર્ય કરવા અગેવાનોને પ્રોત્સાહિત કર્યા**

પ્રયાસનું ઝળહળતું ઉદાહરણ છે. સમગ્ર દેશમાં મંદિરો, મસ્જિદો, ચર્ચો અને ગુરુદ્વારાઓને હોસ્પિટલ અને આઈસોલેશન કેન્દ્રમાં ફેરવી નાખવામાં આવ્યા હતા અને જરૂરતમંદોને ખોરાક તથા દવા પૂરા પાડવામાં આવ્યા હતા તેમ તેમણે ઉમેર્યું હતું. પ્રધાનમંત્રીએ દેશભરમાં વેક્સિનેશનની ઝુંબેશના ઝડપી અમલીકરણ અંગે ચર્ચા કરી હતી અને ઉમેર્યું હતું કે 'સબકો વેક્સિન મુફત વૅક્સિન' ઝુંબેશ એ કોરોના સામેની લડતનું પ્રમુખ હથિયાર છે. વેક્સિનેશન અંગેની જાગૃતિ ફેલાવવામાં, આ અંગેની અફવાઓને નાબૂદ કરવામાં અને વેક્સિન અંગેની ગૂંચવણ દૂર કરવામાં ધાર્મિક અને સામાજિક

### મહામારી દરમિયાન જે રીતે મદદ પૂરી પાડવામાં આવી છે તે એક ભારત એકનિષ્ઠ ભારતનું ઝળહળતું ઉદાહરણ છે: પ્રધાનમંત્રી

સંગઠનોના આગેવાનો સરકારને મદદરૂપ બન્યા છે તે બદલ પ્રધાનમંત્રીએ તેમની પ્રશંસા કરી હતી. જ્યાં વેક્સિનેશન અંગે ખચકાટ અનુભવાય છે તેવા વિસ્તારો સહિત આ ઝુંબેશમાં સરકાર સાથે મળીને કાર્ય કરવાની પ્રધાનમંત્રીએ આગેવાનોને હાકલ કરીહતી. આ બાબત દેશના તમામ નાગરિકો સુધી પહોંચવામાં આરોગ્ય કર્મચારીઓને લાંબાગાળા સુધી મદદરૂપ બનશે તેમ તેમણે ઉમેર્યું હતું. પ્રધાનમંત્રીએ દેશની સ્વતંત્રતાના ૭૫ વર્ષની ઉજવણીનો ભાગ બનવાની પણ આગેવાનોને હાકલ કરી હતી. તેમણે દરેક વ્યક્તિને 'આઝાદી કા અમૃત મહોત્સવ'નો હિસ્સો બનવાની પણ હાકલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે આ પ્રસંગે આપણે 'ભારત જોડો આંદોલન' દ્વારા દેશના ખૂણે ખૂણે એકત્રિત થઈને કાર્ય કરવું જોઈએ અને 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની સાચી ખેલદિલીનું પ્રદર્શન કરવું જોઈએ. આ ચર્ચાસત્રમાં પ્રો. સલીમ એન્જિનિયર, કન્વીનર, કેન્દ્રીય ધાર્મિક જન મોરચા અને ઉપ પ્રમુખ જમાત-એ-ઈસ્લામી હિન્દ, ઉત્તર પ્રદેશ; સ્વામી ઓમકારાનંદ સરસ્વતી, પીઠાધિશ્વર, ઓમકાર ધામ, નવી દિલ્હી; સિંઘ સાહિબ ગિયાની રણજીત સિંઘ, મુખ્ય ગ્રંથી, ગુરુદ્વારા બાંગલા સાહિબ, નવી દિલ્હી; ડૉ. એમ. ડી. થોમસ, ઈન્સ્ટિટ્યૂટ ઓફ હાર્મની એન્ડ પીસ સ્ટડીઝ, નવી દિલ્હીના સ્થાપક નિર્દેશક; સ્વામી વીર સિંઘ હિતકારી, પ્રમુખ, ઓલ ઈન્ડિયા રવિદાસીયા ધરમ સંગઠન, સ્વામી સંપત કુમાર, ગાલ્ટા પીઠ, જયપુર; આચાર્ય વિવેક મુની, પ્રમુખ, ઈન્ટરનેશનલ મહાવીર જૈન મિશન, નવી દિલ્હી; ડૉ. એ. કે. મર્ચન્ટ, નેશનલ ટ્રસ્ટી એન્ડ સેક્રેટરીઝ, લૌટસ ટેમ્પલ અને ભારતીય બહાઈ સમાજ, નવી દિલ્હી; સ્વામી શાંતાત્માનંદ, પ્રમુખ, રામક્રિષ્ણ મિશન, નવી દિલ્હી;

તથા સિસ્ટર બી. કે. આશા, ઓમ શાંતિ રિટ્રીટ સેન્ટર, હરિયાણાએ ભાગ લીધો હતો. આગેવાનોએ આ ચર્ચાસત્ર યોજવા બદલ પ્રધાનમંત્રીનો આભાર માન્યો હતો અને કોરોનાની મહામારી સામે તેમના નિર્ણાયક

### આઝાદી કા અમૃત મહોત્સવમાં પ્રત્યેકની ભાગીદારી સુનિશ્ચિત કરવા પ્રધાનમંત્રીએ નેતાઓને હાકલ કરી

નેતૃત્વને વધાવી લીધું હતું. તેઓએ કોરોનાની મહામારી સામેની લડતમાં પડકારોનો સામનો કરવા બદલ વિવિધ ધાર્મિક અને સામાજિક સંગઠનોએ હાથ ધરેલી કામગીરી અંગે ચર્ચા કરી હતી. તેમણે વેક્સિનેશન અંગેની હાલમાં ચાલી રહેલી ઝુંબેશ અને તે માટે જાગૃતિ ફેલાવવા માટે તેમનો સહકાર વ્યક્ત કર્યો હતો તથા ત્રીજા લહેરને રોકવા માટે તેમના સૂચનો અને ઉપાયો પૂરા પાડ્યા હતા.

### કોવિડ૧૯ સામેની લડતમાં આગવી ભૂમિકા સાથે આગેવાની લેવા માટે નેતાઓએ પ્રધાનમંત્રીનો આભાર માન્યો; કોરોનાની ત્રીજી લહેરને અટકાવવા માટે હૃદયપૂર્વકનો સહકાર આપ્યો




## પ્રધાનમંત્રીએ આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ પર વન્યપ્રાણી પ્રેમીઓને શુભેચ્છા પાઠવી





કમલમદૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વન્યપ્રાણી પ્રેમીઓને, ખાસ કરીને આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ પર વાઘ સંરક્ષણ પ્રત્યે ઉત્સાહ ધરાવતા લોકોને શુભેચ્છા પાઠવી છે. ટ્વીટ્સની શ્રેણીમાં પ્રધાનમંત્રીએ કહ્યું; **#InternationalTigerDay** પર, વન્યપ્રાણી પ્રેમીઓ, ખાસ કરીને વાઘ સંરક્ષણ પ્રત્યે ઉત્સાહ ધરાવતા લોકોને શુભેચ્છાઓ. વૈશ્વિક સ્તરે વાઘની ૭૦% થી વધુ વસતિ માટે ઘર, અમે અમારા વાઘો માટે સલામત નિવાસસ્થાન સુનિશ્ચિત કરવા અને વાઘના મૈત્રીપૂર્ણ ઈકો-સિસ્ટમ્સના સંવર્ધન માટે આપણી કટિબદ્ધતાને પુનરાવર્તિત કરીએ છીએ. ભારત ૧૮ રાજ્યોમાં ફેલાયેલા ૫૧ વાઘના અભ્યારણો ધરાવે છે. ૨૦૧૮ની છેલ્લી વાઘ ગણતરીમાં વાઘની વસતિમાં વધારો જણાયો હતો.

વાઘ સંરક્ષણ અંગે સેન્ટ પીટર્સબર્ગ ઘોષણાપત્રકના સમયપત્રકના ૪ વર્ષ પહેલાં ભારતે વાઘની વસતિ બમણી કરવાનું લક્ષ્યાંક હાંસલ કર્યું હતું. વાઘ સંરક્ષણની ભારતની વ્યૂહરચના સ્થાનિક સમુદાયોને સમાવવા માટે સર્વોચ્ચ મહત્વ આપે છે. આપણે આપણી વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિ સાથે સુમેળમાં રહેવાની આપણી સદીઓ જૂની નીતિઓથી પણ પ્રેરિત છીએ, જેની સાથે આપણે આપણી મહાન ભૂમિ પ્રદાન કરીએ છીએ. "

## મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયાએ પૂજ્ય હરિપ્રસાદ સ્વામીના પ્રાર્થીવ દેહના દર્શન કરી શ્રદ્ધાંજલિ આપી



**પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયાએ પૂજ્ય હરિપ્રસાદ સ્વામીના પ્રાર્થીવ દેહના દર્શન કરી શ્રદ્ધાંજલિ આપી**

કમલમ દૈનિક, વડોદરા

પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયાએ હરિધામ સોખડા ખાતે યોગી ડીવાઈન સોસાયટીના પરમાધ્યક્ષ અને આત્મીય સમાજ આત્મીય યુનિવર્સિટીના પ્રણેતા પૂજ્ય હરિપ્રસાદ સ્વામીના પ્રાર્થીવ દેહના દર્શન કરી શ્રદ્ધાંજલિ આપી સ્વામીશ્રીના આત્માની પરમ શાંતિ માટે પ્રાર્થના પણ કરી હતી.

## જલ જીવન મિશન અંતર્ગત નલ સે જલ કાર્યક્રમ હેઠળ કુલ ૮ ગામોની સુચિત પાણી પુરવઠા યોજનાઓ મંજુર કરાઈ

કમલમદૈનિક,

ખેડા જિલ્લા જળ અને સ્વચ્છતા એકમની બેઠક અધ્યક્ષશ્રી અને કલેક્ટરશ્રી કે.એલ.બચાણીના અધ્યક્ષ સ્થાને યોજાય હતી. જેમાં જલ જીવન મિશન અંતર્ગત નલ સે જલ કાર્યક્રમ હેઠળ કુલ૦૮ નવીન યોજનાઓમાં કુલ ૧૬૫૧ જેટલા નળ કનેક્શન માટેની અંદાજિત રકમ રૂ.૬૦૦.૩૩ લાખની સુચિત લોકભાગીદારીવાળી યોજનાઓ મંજુર કરવામાં આવી. જેમાં એસ.સી. કેટેગરીના ૦૩ ગામોનો પણ સમાવેશ કરવામાં આવેલ છે.



આ ઉપરાંત પ્રગતિ હેઠળની કુલ ૦૨ ગામોની યોજનાઓને રૂ. ૨૪.૪૮ લાખના ફંડને બહાલી આપવામાં આવી. વધુમાં અધ્યક્ષાશ્રીએ પ્રગતિ હેઠળની યોજનાઓમાં ઝડપી કામગીરી પુર્ણ કરી પાણી પુરવઠો શરૂ કરવા જણાવ્યુ જેથી સમય મર્યાદામાં ગ્રામજનોને પીવાના પાણીનો લાભ મળી શકે આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટરશ્રી બી.એસ પટેલ, વાસ્મોના યુનિટ મેનેજરશ્રી એમ.આઈ.મહેતા -વાસ્મો -પાણી પુરવઠા બોર્ડના અધિકારીશ્રીઓ સહીત જિલ્લા સમિતીના સભ્યો હાજર રહ્યા હતા.

## અમેરિકી વિદેશ મંત્રી એન્ટની બ્લિંકન પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીને મળ્યા

**અમેરિકાના વિદેશ મંત્રી શ્રી એન્ટની બ્લિંકન પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીને મળ્યા હતા.**

કમલમદૈનિક,

મંત્રી શ્રી બ્લિંકને રાષ્ટ્રપતિ બાઈડેન અને ઉપરાષ્ટ્રપતિ હેરિસની શુભકામનાઓ પ્રધાનમંત્રીને પાઠવી હતી. તેમણે આજે દિવસ દરમ્યાન ભારતના વિદેશ મંત્રી અને એનએસએ (રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર) સાથે થયેલી ફળદાયી આપલે વિશે પ્રધાનમંત્રીને માહિતગાર કર્યા હતા અને સંરક્ષણ, મેરિટાઈમ સલામતી, વેપાર અને રોકાણ, આબોહવા પરિવર્તન અને વિજ્ઞાન તેમજ ટેકનોલોજી સહિતના વિવિધ ક્ષેત્રોમાં ભારત અને અમેરિકાના વ્યૂહાત્મક સંબંધો વધારે ગાઢ કરવા મજબૂત પ્રતિબદ્ધતા વ્યકત કરી હતી. પ્રધાનમંત્રીએ એમની ઉષ્માભરી શુભકામનાઓ તેમજ રાષ્ટ્રપતિ બાઈડેન દ્વારા ક્વોડ, કોવિડ-૧૯ અને આબોહવા પરિવર્તન સંબંધી સહિતની તેમણે કરેલી પહેલ બદલ તેમની પ્રશંસા રાષ્ટ્રપતિ બાઈડેન અને ઉપરાષ્ટ્રપતિ હેરિસને પાઠવી



હતી.

મંત્રીશ્રી બ્લિંકને ભારત અને અમેરિકા વચ્ચે દ્વિપક્ષી અને પરસ્પરના મુદ્દાઓના વ્યાપક ફલક પર વધતા જતા અભિસરણની અને આ અભિસરણને નક્કર અને વ્યવહારુ સહકારમાં ફેરવવાની બેઉ વ્યૂહાત્મક ભાગીદારોની પ્રતિબદ્ધતાની પ્રશંસા કરી હતી. પ્રધાનમંત્રી શ્રી મોદીએ કહ્યું કે અમેરિકા અને ભારતના સમાજો લોકશાહી, સ્વતંત્રતા અને સ્વાધીનતાના મૂલ્યો પ્રતિ ઘેરી પ્રતિબદ્ધતા પરસ્પર ધરાવે છે અને અમેરિકામાં ભારતીય સમુદાયે દ્વિપક્ષી સંબંધો વધારવામાં અપાર યોગદાન આપ્યું છે. પ્રધાનમંત્રીએ નોંધ્યું કે કોવિડ-૧૯, વૈશ્વિક આર્થિક પુનઃપ્રાપ્તિ અને આબોહવા પરિવર્તન દ્વારા ઊભા થયેલા પડકારોના સંદર્ભમાં ભારત-અમેરિકા વ્યૂહાત્મક ભાગીદારી આગામી વર્ષોમાં વધારે વૈશ્વિક મહત્વની બની રહેશે.

## કોવિડ -૧૯ કેસની સંખ્યામાં તીવ્ર વધારો જોતાં કેન્દ્ર કેરળમાં ઉચ્ચ સ્તરીય ટીમ મોકલશે

**સેન્ટ્રલ કમિટી કોવિડ -૧૯ ની રોકથામ માટે અસરકારક પગલાં માટે રાજયને ટેકો આપશે**

કમલમદૈનિક,

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે દરરોજ કોવિડ પીડિતોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થતા કેરળમાં એક ઉચ્ચ સ્તરીય ટીમ મોકલવાનો નિર્ણય કર્યો છે. કેન્દ્રીય ટીમ કોવિડ સંરક્ષણ પ્રવૃત્તિઓના અસરકારક અમલીકરણમાં કેરળને ટેકો આપશે. નેશનલ સેન્ટર ફોર ઈમ્યુનાઈઝેશન (દ્રઝ્રઢ્ઢઝ) ના ડિરેક્ટર ડો. આ. કે. સિંઘ લીડ કરશે. પ્રતિનિધિ મંડળ ૩૦ જુલાઈ, ૨૦૨૧ (આવતીકાલે) ના રોજ કેરળ પહોંચશે અને થોડા જિલ્લાઓની મુલાકાત લેશે. આ ટીમ રાજ્યના આરોગ્ય વિભાગ સાથે મળીને કામ કરશે. પરિસ્થિતિની સમીક્ષા નીચેથી કરવામાં આવશે. રાજ્યમાં કેસની સંખ્યામાં નોંધપાત્ર વધારો થવાની સ્થિતિમાં, તેના નિયંત્રણ માટે પગલાં લેવાની ભલામણ



કરવામાં આવશે. કેરળમાં હાલમાં ૧.૫૪ લાખ લોકો સારવાર લઈ રહ્યા છે. આ રાષ્ટ્રવ્યાપી સારવાર કરનારાઓમાં તે ૩૭.૧ ટકા છે. છેલ્લા સાત દિવસથી દરમાં વધારો ૧.૪૧ છે. રાજયમાં દરરોજ સરેરાશ કેસની સંખ્યા ૧૭,૪૪૩ છે. રાજ્યનો ઉચ્ચ પુષ્ટિ દર ૧૨.૯૩%છે. સાપ્તાહિક પુષ્ટિ દર ૧૧.૯૭ ટકા હતો. છ જિલ્લાઓમાં, સાપ્તાહિક પુષ્ટિ દર ૧૦ ટકાથી ઉપર છે.

## નર્મદા વિકાસ રાજય મંત્રી યોગેશભાઈ પટેલે બ્રહ્મલીન સ્વામીજીના દર્શન કર્યા...



કમલમ દૈનિક, વડોદરા

તા. ૨૯ જુલાઈ, ૨૦૨૧ (ગુરૂવાર) રાજ્યના નર્મદા વિકાસ રાજ્ય મંત્રીશ્રી યોગેશભાઈ પટેલે હરિધામ સોખડાની મુલાકાત લઈને બ્રહ્મલીન પરમ પૂજ્ય હરિપ્રસાદ સ્વામીજીના અંતિમ દર્શન કર્યા હતા. તેમણે ભારે હૃદયે સ્વામીજીને પુષ્પાંજલિ આપી હતી.

